હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

# ટાઇમ્સ ઓફ ખત્રી

Times of Khatri

માસિક

HALAI MUSLIM KHATRI TRUST
A Team with Many Hands Devoted for Education

હાલાઇ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફક્ત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ-૮ અંક-૨ સળંગ અંક-૮૨ માહે-રજબ હિજરી-૧૪૪૫ ફેબ્રુઆરી-૨૦૨૪

તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/-

## મૂલ્ય અને કિંમત

મોહંમદ હુસેન એ. ધડા, પોરબંદર

આમ જોવા જાઓ તો અર્થ લગભગ સરખો મળે. પરંતુ ઊંડાણપૂર્વક વિચારીએ તો ભિન્ન નીકળે. કઇ રીતે? ચાલો થોડો અભ્યાસ કરીએ.

સાવ સામાન્ય અર્થ કરીએ તો કિંમત એટલે ભાવ અને મૂલ્ય એટલે ભાવ થકી બનતી રકમ. આ તો થયું કોઇ વસ્તુના સંદર્ભમાં અર્થઘટન. હવે એ જ મૂલ્ય અને કિંમત વચ્ચેનો તફાવત અન્ય દ્રષ્ટિકોણથી સમજવાનો પ્રયાસ કરીએ.

એક કંપનીમાં સેકડો કર્મચારીઓ કામ કરતા હતા. સ્વભાવિક છે કે દરેક કર્મચારીનો અભ્યાસ, કાબેલિયત, હોદ્દો, જવાબદારી અને કુશળતા જુદી જુદી હોય. અને એ મુજબ બધાના જુદા જુદા પગારધોરણો હોય. એ કંપનીમાં એક ભાઇ ઘણાં વર્ષોથી નોકરી કરે, પગાર વધી વધીને ૨૦ હજાર થયો. મોંઘવારી એવી કે ઘરનું વહન માંડ માંડ કરે. ક્યારેક તો મહિનાના અંતે મિત્રો પાસેથી ઉછીના લઇ અને ઘર ચલાવવું પડે. આમ જ જિંદગી ચાલ્યા કરે અને ભાઇ મનોમન કોસતા રહે કે કંપની મને પૂરતો પગાર નથી આપતી. આટલો પગાર પુરો નથી પડતો, શું કરૂં? એક હોશિયાર મિત્ર હતો. તેની સામે પણ આ જ કેસેટ વગાડી. મિત્ર એ સાંભળી. પછી પૂછ્યું કે તારી કંપનીમાં અંદાજે કેટલા કર્મચારીઓ કામ કરતા હશે? ભાઇએ કહ્યું કમ સે કમ ૫૦૦ જેટલા હશે. બધાના પગાર સરખા છે? જવાબ ના. મિત્ર એ પૂછ્યું કે તારા કરતાં ઓછો પગાર મેળવનારા કર્મચારી છે? જવાબ હા. ઘણાં બધાંનો પગાર મારા કરતાં ય ઓછો છે. તારી કંપનીમાં કોઇનો પગાર તારાથી બમણો છે? જવાબ હા. તારા કરતાં વધુ પગાર મેળવનારા કેટલા હશે? ભાઇએ જવાબ આપ્યો ઘણાં. કેટલો પગાર મહત્તમ હશે? ભાઇએ કહ્યું લગભગ વધુમાં વધુ પગાર ૧ લાખ ૨૫ હજાર છે. મિત્ર બે ઘડી ચૂપ થઇ ગયો. ભાઇ અકળાઇ ઉઠયા. આટલા બધા સવાલ કરીને શું કહેવા માંગે છે? મિત્ર એ કહ્યું કે જો યાર, વાત કડવી છે, સાંભળી શકે અને સમજી શકે તો કહું. હા બોલ. મિત્ર એ કહ્યું કે હવે કયારેય એવું ન કહેતો કે કંપની પગાર વધારે નથી આપતી. એમ કહેજે કે તારૂં મૂલ્ય જ ૨૦ હજારનું છે. ભાઇ ઘડીક વાર તો જોતા રહયા. ગુસ્સો આવી ગયો. એટલે તું કહેવા શું માંગે છે? મિત્રએ શાંત ચિત્તે જવાબ આપ્યો, જો ભાઇ કંપનીમાં તારા કરતાં ઓછા પગાર મેળવનારા ય છે, બમણું મેળવનારા પણ છે, એક લાખ ઉપર પગાર મેળવનારા પણ છે. સીધો અને સટીક અર્થ એ થાય છે કે કંપની તને ૨૦ હજાર આપે છે કારણ કે તારૂં મૂલ્ય જ ૨૦ હજારનું છે. જેનું મૂલ્ય ૪૦નું છે તેને ૪૦ હજાર આપે છે. ૧ લાખ ૨૫ હજારનું છે તેને એટલા આપે છે. જો તારે તારો પગાર વધારવો હોય તો તારૂં મૂલ્ય વધારવું પડે. મૂલ્ય વધારવા તારી કિંમત વધારવી પડે. કિંમત તો જ વધે જો તારી પાસેથી કંપનીને કંઇક એવું મળે જે અસામાન્ય હોય. આ જેટલા પણ ઉચ્ચ પગાર ધોરણ સાથે હોદ્દા પર બેઠા છે, એ બધામાં કંઇક અસામાન્ય છે. કંઇક એવું છે જે તારી પાસે નથી.

આ એક સામાન્ય ઉદાહરણ છે જે આપણને લગભગ દરેક ક્ષેત્રમાં જોવા મળે. નોકરી, ધંધો, વ્યવસાય દરેકમાં જેવું જેનું મૂલ્ય એટલું જ વળતર મળે. એક સરખા વ્યવસાયમાં પણ એક મહિને માંડ ૨૫ હજાર કમાતો હોય અને બીજો એક દિવસના ૨૫ હજાર કમાતો હોય. સામાન્ય જીવનમાં નિરીક્ષણ કરીએ તો જીવંત ઉદાહરણો જોવા મળે. દાખલા તરીકે ડૉક્ટરનું ઉદાહરણ લઇએ તો એક ડૉક્ટર ડીસ્પેન્સરી ખોલીને બેઠા હોય રોજ ૧૦ થી ૨૦ દર્દી જોઇ અને ૧૦૦૦ થી ૧૨૦૦ કમાતો હોય તો મહિને ૩૬૦૦૦ કમાઇ અને બીજો એ જ ડૉક્ટર એક કલાકમાં એટલા કમાઇ લેતો હોય. બંનેનું કામ એક જ છે. બન્ને સરખા ડ્રગની જ દવાઓ પ્રિસ્ક્રાઇબ કરતા હોય. કદાચ બંને એક જ મેડિકલ કોલેજમાં ભણ્યા હોય. એક વકીલ કોર્ટની બહાર અરજીઓ લખીને અથવા નોટરી કરી અને મહિને ૨૦ થી ૨૫ હજાર કમાતો હોય તો બીજો વકીલ એક હિયરીંગના એટલા ચાર્જ કરતો હોય. બંને લો કોલેજમાં જ ભણ્યા હોય. એક સરખા જ પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કર્યો હોય. શકય છે કે બંનેને એક જ પ્રોફેસરે ભણાવ્યા હોય. સંગીતના એ જ સાત સુરો અને એ

અનુસંધાન પાના નં. ૭ ઉપર

+91 9820223138

Asif Khatri
Managing Director

Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)

179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
☎ +91 22 2345 5378 / 2345 5479
✉ : fauzexports@gmail.com
🌐 : www.fauzexports.com

# દરૂદો સલામ, આકા કે નામ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)

રજૂઆતઃ અ.ગફાર એમ. સોનેજી ''નૂરી'', બેંગ્લોર

જયારે જયારે ઈન્શાન ઈબાદત કરતો હોય છે ત્યારે તે ઈબાદત કબૂલ થશે તેનો તેને ભરોસો હોય છે. પણ તે બાબતે તે ઈબાદતમાં એ પ્રસ્થાપિત થતું નથી કે તે કબૂલ થઇ ગઇ છે કે નહિ? તે અત્યારે કે પછીથી પણ કબૂલ થઇ શકે છે. જયારે ઈન્શાન દરૂદ શરીફ પઢે તો તે ઈબાદત જેવી અદા થઇ ગઇ કે તરત જ કબૂલ થઇ જાય છે. માટે જ દુઆ કોઈપણ માંગવી હોય તો તેની આગળ અને પાછળ દરૂદ શરીફ પઢવાનો હુકમ આપવામાં આવ્યો છે. દરૂદ શરીફ કબૂલ થઇ જાય તો તેની વચમાં રહેલી દુઆઓ પણ કબૂલ થઇ જાય છે. આવી મહાનતા દરૂદ શરીફને પ્રાપ્ત છે. સુબ્હાનલ્લાહ! આ છે દરૂદ શરીફની કબૂલિયતનો મહાન દરજ્જો.

શૈતાનની કમજોરી અને પરેશાની વિશે પૂછવામાં આવ્યું તો તેણે જણાવ્યું કે, ૬ (છ) ચીજોથી હું ખૂબ પરેશાન અને ચિંતીત થાઉ છું. (૧) મુસ્લિમો આપવામાં સલામ કરે છે (૨) મુલાકાત વખતે મુસાફઅ કરે છે (૩) કોઈપણ કામ કરતાં પહેલાં બિસ્મીલ્લાહ પઢવું (૪) કાર્ય શરૂ થાય, પૂર્ણતા પ્રાપ્ત કરે તે માટે ઈન્શાઅલ્લાહ બોલવું (૫) ગુનાહ થઇ જાય તો માફી માંગવી (૬) આપ સરકાર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનું નામ સાંભળતાં જ દરૂદ શરીફ પઢવું.

હુઝુર સરવરે કૌનૈન (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની મુકદ્દસ જાતે પાક તમામ ઈન્શાનો માટે અલ્લાહ તા'લાનો સૌથી મોટો એહસાન છે, ઈનામ છે. જેણે ભટકેલી ઈન્શાનિયતને સીધા રસ્તે ચલાવી, નઝાતના હકકદાર બનાવ્યા. નઝાતનો એક એવો પ્રકાશિત રાહ બતાવ્યો કે જે યુગો સુધી મિશાલે રાહ બની ગઇ. ઈન્શાનોની ભલાઇ માટે એક મહાન વ્યક્તિત્વ જાહેર સ્વરૂપે પોતાની જાત અને શિફાતની દ્રષ્ટિ એ અશરફૂલ મખલૂકાત, અશરફૂલ અંબિયા અને મુરસેલીન છે. જેના આપણે ઉમ્મતિ છીએ. માશાઅલ્લાહ! અલ્હમ્દોલિલ્લાહ!

તેમણે આવીને પોતાની ઉમ્મત પર બેપનાહ કરમની નવાઝીશ કરી એટલે હર ઉમ્મતિ પર એ લાઝીમ થઇ જાય છે કે આપણે આ એહસાનનો બદલો તો ચૂકવી શકીએ તેમ નથી. પણ તેમનો વધુમાં વધુ શુક્રિયા અદા કરવાન માટે તેમના ઉપર અને તેમની આલ-ઔલાદ ઉપર દરૂદો-સલામ મોકલતા રહીએ. આ કાર્ય અલ્લાહ જલ્લેશાનહુને પણ પસંદ છે. સુબ્હાનલ્લાહ!

જે કામ અલ્લાહ તઆલાને પસંદીદા હોય, મકબૂલ હોય, શુક્રિયા ભી અદા થઇ જાય આનાથી વિશેષ તરીકો કયો હોઇ શકે? અને તે છે દરૂદ શરીફ. માટે હાલતા-ચાલતા દરૂદ શરીફ પઢતા રહો. આ એવી ઈબાદત છે જે અલ્લાહને ખૂબ પસંદ છે. અલ્લાહે તેના દરેક ફરિસ્તાઓને અને દરેક ઈન્શાનોને દરૂદ શરીફ પઢવાનો હુકમ ફરમાવી દીધો. ''ઈન્નલ્લાહા વ મલાઇકતુ યુસલ્લુના અલન્નબીએહી યા એય્યોહલલઝીના આમનુ સલ્લુ અલૈહિ વસલ્લેમુ તસલીમા'' આ આયત શરીફ માહે શાબાનમાં મદીના મુનવ્વરામાં નાઝીલ થઇ. તેનો અર્થ ''કન્ઝુલ ઈમાન''માંથી- ''બેશક! અલ્લાહ અને તેના ફરિસ્તા દરૂદ મોકલે છે એ ગૈબ બતાવવાવાળા (નબી) પર, એ ઈમાનવાળાઓ એના ઉપર દરૂદ અને ખૂબ સલામ મોકલો.''

હુઝુર સરકારે મદીના (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના એહસાનનો બદલો ચૂકવી શકતા નથી. તેથી ખુદા તઆલા એ આપણાં માટે આ આસાન તરીકો શીખવાડી દીધો કે દરૂદ શરીફ પઢો. આ એક દુઆ પણ છે અને એક અદબ પણ છે.

''અલ્લાહુમ્મા સલ્લેઅલા સૈયદેના મોહંમ્મદીંવ વ આલા આલેહી સૈયેદેના મુહંમ્મદીન વબારીક વસલ્લીમ.'' હવે આપણી ફરજ થઇ પડે છે કે વધુમાં વધુ દરરોજ પઢવાની જરૂરત છે. દરૂદ શરીફ એ ઈબાદતનો દરજ્જો પણ ધરાવે છે.

દરૂદ શરીફ એ એક એવો પવિત્ર અને નેક અમલ છે જે ઈન્શાનનો દરજ્જો બુલંદ કરે છે. લાખો નફલી વઝીફા અને નફલી ઈબાદતો એક તરફ અને બીજી તરફ દરૂદ શરીફ. નફલી કાર્યો પછી મંજૂર થશે જયારે દરૂદ શરીફ તરત જ કબૂલ થઇ જાય છે. જો તે નિખાલસતાપૂર્વક પઢવામાં આવે તો તેના પઢનારને પલભરમાં અજીબો-ગરીબ રૂહાની બુલંદીઓ પર પહોંચાડી દે છે. તેમાં ગેહરૂ અને છૂપું રાઝ એ પણ છે કે અલ્લાહ ખુદ પણ દરૂદ શરીફ પઢે છે અને ફરિસ્તાઓ પણ દરૂદ શરીફ પઢે છે અને આ એકમાત્ર અમલ છે કે જે ખુદા તઆલા પણ કરે છે અને આપણને પણ હુકમ કરે છે કે દરૂદ શરીફ પઢો. આનો માત્ર એ જ અર્થ થાય કે (મારી અલ્પમતિના આધારે) અલ્લાહની 'હા' માં 'હા' મેળવવી અને એજ મોહબ્બત છે, અલ્લાહ અને તેના પ્યારા રસુલ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)થી.

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346
KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI
FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155
EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

દરૂદ ઇસ પર કે જીસકા તજકીરાહ ઐન ઇબાદત હૈ,
દરૂદ ઇસ પર કે જીસકી જીંદગી રેહમત હી રેહમત હૈ.

હઝરત શૈખ શાદી (રહેમતુલ્લાહ અલૈહિ)ના કોલ મુજબ હઝરત શૈખ આરીફ મોહંમ્મદ હક્કી (રહેમતુલ્લાહ અલૈહિ)ની કિતાબ 'ખજીનતુલ અસરાર'માં લખેલુ છે કે દરૂદ શરીફ ૪૦૦૦ પ્રકારના છે. એક બીજી રિવાયત મુજબ તો તે સંખ્યા ૧૨૦૦૦ લખેલ છે. આમાંથી હર એક દરૂદ શરીફ દુનિયાની કોઇ ન કોઇ ઇલ્મી શાખાઓથી સંપર્કમાં આપ સરકાર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના નઝરે કરમથી પ્રસંશાને પાત્ર છે. અસલમાં દરૂદ શરીફ એ 'સલામ' છે. જે હુઝુર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પર પઢવામાં આવે છે. રોજ કરોડોની સંખ્યામાં, કરોડો લોકોના મુખેથી પઢવામાં આવતા દરૂદો સલામને દિલોજાનથી સલામ!!!

તેમની ખિદમતમાં પેશ કરવામાં આવેલ દરૂદ શરીફનો મરતબો ખૂબ આ'લા છે, તેમાં અગણિત સવાબ છે. બન્ને જહાંનની સલામતી અને બરકતનો ખજાનો છે. જે કામીયાબીના પંથે લઇ જાય છે. એના વિર્દથી કુર્બે ઇલાહી પ્રાપ્ત થાય છે. ટૂંકમાં દરૂદ શરીફ પઢવાથી બધું જ ધારેલું કામ પ્રાપ્ત થાય છે. આ એક લાજવાબ ઇબાદત પણ છે. જે આપ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની તાઝીમની સાથોસાથ મોટામાં મોટો ફાયદો ઉપાડી શકાય છે.

હઝરત શેખ અ.કાદિર જીલાની ગૌસુલ આઝમ (રદીઅલ્લાહુ અન્હુ) તેમની પ્રખ્યાત કિતાબ ''ગુન્નીય્યુત્તતાલેબીન''માં તેઓ ફરમાવે છે કે, ઉમ્મતનો નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પર દરૂદ શરીફ મોકલવું એ સફાઅત પ્રાપ્ત કરવાનું છે અને તે મુહબ્બતની સાથે ફરમાબરદારી પણ છે. સુબ્હાનલ્લાહ! અને જેણે ફરમાબરદારી અને મુહબ્બતનું નઝરાણું પેશ કરી દીધું તેને સફાઅત નસીબ થઇ જાય છે, તેમાં કોઇ શંકાને સ્થાન નથી, અલ્હમ્દોલિલ્લાહ!

દરૂદે પાકનું પઢવું એ એક અનુશરણીય પગલું છે. અદબનો ઇઝહાર કરવુંપણ છે. દરઅસલ દરૂદ શરીફ એક દુઆ પણ છે. જેનાથી અલ્લાહના પ્યારા રસુલ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) ઉપર રેહમત તલબક રવામાં આવે છે. એમાં સલામતીની તલબ પણ સામેલ છે. મહાન મુફસ્સેરીનના કોલ મુજબ દરૂદ શરીફ અલ્લાહથી રેહમત પ્રાપ્ત કરવા માટે અને પ્યારા નબી (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) ઉપર અને એમની આલ-ઔલાદ પર (તેમના સર્વે કુટુંબીઓ ઉપર) માટે મકબુલિયત રાખે છે એમના ઉપર તેમના લાયક રેહમતની વર્ષા થાય છે અને એક વખત પઢવાથી ૧૦ નેઅમતો નાઝીલ થાય છે. જે માંગવાવાળાઓ ઉપર ઉતારવામાં આવે છે. ઇન્શાન જેટલી ચાહે તેટલી રેહમત હાંસિલ કરવાનો ઝરીયો બનાવી શકે છે. વધુ દરૂદ, વધુ રેહમત, સુબ્હાનલ્લાહ!!!

અલ્લાહ તઆલા સુધી પહોંચવા માટે દરૂદ શરીફની સાથોસાથ ફરઝી ઇબાદતો અને પાકી-સાફી જરૂરી છે. ''દરૂદ શરીફ રૂપી વુઝુ, કામિયાબ તરીન વુઝુ છે.'' આ ડાયરેક્ટ વાળી વાત નથી. અહીં દરૂદ શરીફનો વસીલો જરૂરી છે. પીરો મુર્શીદનું કામ છે કે અલ્લાહનું કુર્બ હાંસિલ કરવાની પ્રેરણા પુરી પાડે. જેને કામિલ પીરો મુર્સીદ ન મળ્યા હોય તો દરૂદ શરીફનું માધ્યમ એ પણ છે કે તે તમને મકબુલિયતના મકામ સુધી પહોંચાડવાની શક્તિ રાખે છે. આમાં પણ શર્ત એ જ છે કે દરૂદ શરીફનો વસીલો તો લેવો જ રહયો.

હર એક દર્દનો ઇલાજ હોય છે. પરંતુ દીની અને દુન્યવી દર્દોનો કામીયાબ ઇલાજ ફક્ત દરૂદ શરીફ છે. હર એક જગ્યાએ પહોંચવાના જુદા જુદા રસ્તાઓ હોય છે. પરંતુ અલ્લાહ તઆલાનું કુર્બ હાંસિલ કરવાનો સરળ રસ્તો ફક્ત એક જ છે અને તે છે કસરતથી દરૂદે પાક પઢતા રહેવું જોઇએ. કમ સે કમ ૩૧૩ દરૂદ શરીફ રોજ પઢવાની ટેવ પાડોઅને પછી જુઓ કે તમારા દરેક કામ કેટલી સરળતાથી પૂર્ણ થતા જાય છે!!

ફર્ઝ ઇબાદતો પછી શ્રેષ્ઠ સ્થાન દરૂદ શરીફનું જ છે. નમાઝ મોમીનની 'મેઅરાજ' છે. એજ રીતે દરૂદ શરીફ એ આશિકોની અને સિદ્દીકોની 'મેઅરાજ' છે. દરૂદ શરીફ એક તિજારતરૂપી ઇબાદત છે. જેની ગણતરી પ્રત્યેક દિવસે વધતી જ જાય છે. આ એવો વ્યાપાર છે જે નફા સાથે વધતો જ જાય છે અને અંતઃતહ જન્નતના દરવાજે પહોંચાડી દે છે. અલ્લાહ તઆલાની નારાજગીથી બચવામાં પણ દરૂદ શરીફનું પઢવું ખૂબ કામ લાગે છે. ''અલ્લાહુમ્મા સલ્લે અલા સૈયેદેના મુહંમદીવ વઆલાઆલે મોહંમ્મદીન કમા સલ્લયતા અલા ઇબ્રાહિમા વઆલા આલે ઇબ્રાહિમ ઇન્નકા હમીદુન મજીદ. અલ્લાહુમ્મા બારીક અલા મુહંમ્મદીવ વઆલા આલે મુહંમ્મદ દીન કમા બારકતા અલા ઇબ્રાહિમા વઅલા આલે ઇબ્રાહિમ ઇન્નકા હમીદુમ મજીદ.'' આ એવી ઇબાદત છે જેનો ફાયદો તેના પઢનારની

અનુસંધાન પાના નં. ૮ ઉપર




Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK

Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care

1st Floor, Paras Apartment, Plot No. 72,
Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396 95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

Ahmed Raza +971 6 5350313 +971 55 5983786 www.maplestar.ae Muhammed Akib +971 4 359 3987 +971 58 849 4679

مبيل ستار للكمبيوتر ش.ذ.م.م
MAPLESTAR COMPUTERS L.L.C.

**Dubai** : Shop No.10, Next to Gateway Hotel, Bur Dubai (UAE) • **Sharjah** : Shop No.9 &10, Industrial Area No.6, Sharjah (UAE)

IMPORT • EXPORT • BUY • SELL • REPAIRS • SPARES • LAPTOPS • DESKTOPS • MONITORS • AIO • RAM • HDD • SSD

# The Prize Distribution Program of Mumbai Jamat

Asif Khatri, President of HMKJ-Mumbai

The Prize Distribution Program of Halai Muslim Khatri Jamat, Mumbai was held on 21st, January 2024 at Alma Latifi Hall, M. H. Saboo Siddik Technical College, Byculla Mumbai from 5pm to 10pm.

Ms. Nausheen Rangoonwala was the host of the program and program started at 6:45pm. (due to delayed arrival of Chief Guest Dr. Zahir Qazi Sahab).

Program was commenced by recitation of verses of the Holy Quran by Haafiz-E-Quran Ammar Ashfaq



Kapadia.

President Mr. Asif Khatri welcomed the Chief Guest Dr. Zahir Qazi (President of Anjuman-I-Islam, Mumbai) and Dr. Sheikh Abdullah (Vice President of Anjuman-I-Islam, Mumbai) and felicitated with Shawl and Momento of appreciation to the guests.

Mr. Asif Khatri, President has given brief introduction of the Chief Guest and Guest of Honour to our Jamat members and brief introduction of our jamat to them.

Our Chief Guest Dr. Zahir Qazi in his speech gave brief introduction and history of Anjuman-I-Islam to our Jamat members. He gave many examples of students passed from Anjuman-I-Islam and working at various great positions worldwide, also he expressed his views for Halai Muslim Khatri Jamat.

Guest of Honour Dr. Sheikh Abdullah also expressed his views for our Halai Muslim Khatri Jamat Mumbai. He appreciated our President Mr. Asif Khatri for his Dynamic work for college children (in terms of Fees and also providing ration kits during COVID period).

After all speeches our total 79 students were awarded with Certificates Trophies and Gifts as per following categories.

- Category (A) Total18 students (Degree)
- Category (B) Total 13 students (10 to 12 std.)
- Category (C) Total 19 students (5th to 9th)
- Category (D) Total 16 students (1st to 4th)
- Category (E) Total 13 students (Pre-primary)

A special gift was also given to master Hammad Abdullah Khatri (4 yrs), Grandson of our beloved President Mr. Asif Khatri as token of appreciation for his work towards our Mumbai Jamat.

Prize distribution program was followed by quiz program for the parents, there were total 10 rounds for quiz, each round consisted of 3 questions. Quiz was conducted by our President, Mr. Asif Khatri.

The winner of 10 quiz round are as follows:

(1) Firdous Mohsin Dhada (2) Noorjahan Farooq Girach (3) Ayaz A.Aziz Arbani (4) Aslam Ebrahim Dhada (5) Rizwan Chhatbar (6) Afroz A.Aziz Arbani (7) Mohsin A.Aziz Girach (8) Dinar Salim Khatri (9) Farzana Salim Arbani (10) Shehnaz A.Wahid Dagia

A final battle round named "Winners Battle" was



conducted among above 10 members from quiz round.

At the end of winners battle (after 5 questions) it was a tie between Farzana Salim Arbani, Dinar Salim Khatri and Afroz A.Aziz Arbani.

CSC HDFC BANK BAJAJ Allianz ICICI Lombard Nibhaye Vaade
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
VISION CONNECT
ONE STOP POINT FOR ALL E-GOVERNANCE & DIGITAL SERVICE'S
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઇ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri
Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

Dinar Salim Khatri won the tiebreaker by lucky draw system.

Lastly, the time came for the best event of the program. The lucky draw, a mobile phone.

Our adult 120 members were present for the program, at their entry, all members name along with their phone numbers were written on a chits, all chits were collected in a sealed and transparent container. Master Hammad Abdullah Khatri was called upon to pick one chit out of the container. He picked up one chit and handed over to the President, Asif Khatri and finally he announced the name Abdul Aziz Kapadia and called him on stage to collect the prize. The prize Samsung A14 mobile was handed over to Abdul Aziz Kapadia with respect.

Vote of thanks was given by the Secretary, Dr. Junaid Kapadia and thanked everyone for making a program successful by attending the program with great enthusiasm and also appreciated the members for working together for the community by quote "Alone I am strong, together we're stronger."

Also, an important decision was taken at the end of the program regarding selection of vacate vice president position.

Mr. Javed Kathuriya name was suggested by the managing committee and our president. Our president Asif Khatri has announced that if any other member is interested for the post, he can come forward so we can have election on the same time and end the selection procedure democratically.

All members of our Jamat accepted Mr. Javed Khathuriya as vice president of our jamat unanimously without any opposition. Mr. Javed Khathuriya was felicitated by our Secretary with shawl and was welcomed in the managing committee.

Special note: All our 18 students of category (A) were awarded by our Chief Guest Dr. Zahir Qazi saheb and Gust of Honour Dr. Sheikh Abdullah.

Our elders (Buzurg) above 75 years namely, Ismail Haji Husain Girach and Kasam Khathuriya were called upon stage and asked to award Gifts, Trophies and Certificates to other categories students.

The sponsors of this program were Mr. Amir Khathuriya and Mr. Javed Khathuriya, Mr. Amin Abdul Aziz Girach, Mr. Aslam Ebrahim Dhada, Mr. Asif Husain Khatri, Mrs. Farzana Salim Arbani and HMKJ Ladies members.

Above sponsors were called upon stage and were asked to award certificates, gifts and trophies to other category students.

During program all members along with children was served by a box full of snacks.

Program ended by 10:00pm.






મલ્ટીકલર ઓફસેટ મુદ્રિત ''ટાઈમ્સ ઓફ ખત્રી''ને સજીવન રાખવા આપના દરેક સુખ, દુઃખના પ્રસંગે 'ટાઈમ્સ ઓફ ખત્રી'ને હંમેશા યાદ રાખો અને આપનું ડોનેશન તુરંત મોકલશો..

સમાચાર-લેખન-કૃતિઓ મોકલવા માટેઃ E-mail: timesofkhatri@gmail.com

NRP
NEW RAJ PLASTIC
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts
3-GOKULNAGAR, RAJKOT - 360 002.

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com
Bharat fast food

# મુસ્લિમ વૈજ્ઞાનિકો

ફિરોજ ખાન, ટોરંટો, કેનેડા

ભારતમાં અને ભારત બહાર રહેતા મુસ્લિમોમાં એક ગલતફહેમી છે કે ભારતના મુસલમાનો શૈક્ષણિક રીતે અન્યો કરતાં પછાત છે. આ વાત અમુક અંશે સાચી છે પણ સંપૂર્ણ સાચી નથી. ભારતમાં ભારતિય મુસલમાનો એ લગભગ દરેક ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપ્યું છે. દરેક ક્ષેત્રમાં નામ રોશન કર્યુ છે. ભારતની પ્રગતિમાં પોતાની ભાગીદારી નોંધાવી પોતાની ફરજ નિભાવી છે. આમ તો લીસ્ટ બહુ લાંબુ છે પરંતુ અહીં આ લેખમાં અમુક લોકો વિશેની માહિતી પ્રસ્તુત છે.

**સલીમ અલીઃ** ભારતના 'પક્ષી પુરૂષ' તરીકે પ્રખ્યાત ડૉ. સલીમ મોઈઝુદ્દીન અબ્દુલ અલીનો જન્મ ૧૨ નવેમ્બર ૧૮૯૬ના રોજ મુંબઈમાં થયો હતો. તેઓ પ્રખ્યાત તૈયબજી પરિવારના હતા.

તેઓ ભારતિય પક્ષીવિજ્ઞાની, વન્ય જીવ સંરક્ષણવાદી અને પ્રકૃતિવાદી હતા. ડૉ. સલીમ અલી દેશના પ્રથમ પક્ષીશાસ્ત્રી હતા. જેમણે સમગ્ર ભારતમાં પક્ષીઓનું વ્યવસ્થિત રીતે સર્વેશ્રણ કર્યુ હતું અને પક્ષીઓ પર ઘણાં બધા લેખો અને પુસ્તકો લખ્યા હતા. તેમના દ્વારા લખાયેલા પુસ્તકોએ પક્ષીઓના અભ્યાસમાં ફાળો આપ્યો હતો. ભારતમાં પક્ષીઓ - વિજ્ઞાનના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી.

તેમના કાર્યને જોતા, ભારત સરકારે તેમને પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી અને દિલ્હી યુનિવર્સિટીએ તેમને માનદ્ ડોકટરેટની પદવી આપી અને પર્યાવરણ અને વન મંત્રાલયે કોઈમ્બતુર નજીક 'સલીમ અલી સેન્ટર ફોર પૌરાણિક અને કુદરતી ઈતિહાસ'ની સ્થાપના કરી. જેનાથી તેમને દેશ-વિદેશમાં અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

૨૦ જૂન ૧૯૮૭ના રોજ તેમનું અવસાન થયું.

**ડૉ. સૈયદ એહતિશામ હસનૈનઃ** બિહારના ગયા જિલ્લામાં ૧૩ એપ્રિલ ૧૯૫૪ના રોજ જન્મેલા ડૉ. એહતિશામ હસનૈન દેશના જાણીતા જૈવિક વૈજ્ઞાનિક છે.

તેઓ વર્ષો સુધી અમેરિકાની ટેકસાસ એ એન્ડ એમ યુનિવર્સિટી સાથે સંકળાયેલા હતા. ૧૯૮૭માં અમેરિકાથી પરત ફર્યા પછી તેમણે નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈમ્યુનોલોજી (NII)માં સ્ટાફ સાયન્ટિસ્ટ તરીકે કામ કરવાનું શરૂ કર્યુ. ત્યારબાદ તેમને સેન્ટર ફોર ડીએનએ ફિંગર પ્રિન્ટીંગનું પદ મળ્યું અને ડાયગ્નોસ્ટિકસ (CDFD)ના પ્રથમ ડિરેકટર તરીકે નિયુકત કરવામાં આવ્યા હતા અને ૧૯૯૯ સુધી આ પોસ્ટ પર રહયા હતા. હમદર્દ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બન્યા.

ભારત સરકારે તેમને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કર્યા છે અને જર્મન સરકારે તેમને તેના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ઓર્ડર ઓફ મેરિટ'થી સન્માનિત કર્યા છે. જર્મન સરકાર તરફથી આ સન્માન મેળવનાર તેઓ એકમાત્ર ભારતિય છે. આ ઉપરાંત તેમને ઘણાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે અને તેઓ કેન્દ્ર સરકાર અને વિવિધ રાજય સરકારોના સલાહકાર છે.

**અનીસુર રહેમાનઃ** શું તમે એવા કોઈ ભારતિય મૂળના વૈજ્ઞાનિકને જાણો છો કે જેના નામ પર અમેરિકા દર વર્ષે એવોર્ડ આપે છે?

હા, તેઓ છે ડૉ. અનીસુર રહેમાન સાહબ. જેઓ પરમાણુ ગતિશાસ્ત્રના પિતા તરીકે પ્રસિધ્ધ છે અને અમેરિકન સોસાયટી દ્વારા દર વર્ષે તેમના નામે આપવામાં આવતા એવોર્ડનું નામ છે ''કમ્પ્યુટેશનલ રિસર્ચમાં ઉત્કૃષ્ટ સિધ્ધિ માટે અનીસુર રહેમાન પુરસ્કાર.''

હૈદ્રાબાદમાં ૨૪ ઓગષ્ટ ૧૯૨૭ના રોજ જન્મેલા ડૉ. અનીસુર રહેમાનનું પ્રારંભિક શિક્ષણ હૈદ્રાબાદમાં થયું. ત્યારબાદ તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી સ્નાતક અને બેલ્જિયમમાંથી ભૌતિકશાસ્ત્રમાં પીએચડી કર્યુ.

ડૉ. અનીસુર રહેમાન કોમ્પ્યુટીંગ એપ્લીકેશનના ક્ષેત્રમાં તેમના અમુલ્ય યોગદાન માટે જાણીતા છે. આજે પણ કોમ્પ્યુટરમાં લખાયેલા ઘણાં કોડ્સ તેમના દ્વારા રજૂ કરાયેલ અલ્ગોરિધમ છે.

તેમને ૧૯૭૭માં Lrving Langmuir એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૬ જૂન, ૧૯૮૭ના રોજ તેમનું અવસાન થયું હતું.

**ડૉ. ઈ. એ. સિદ્દીકઃ** ડૉ. ઈબ્રાહિમ અલી અબુબકર સિદ્દીક એક કૃષિ વૈજ્ઞાનિક છે. જેઓ ચોખાના ક્ષેત્રમાં તેમના સંશોધન માટે દેશ-વિદેશમાં પ્રખ્યાત છે.

તેમનો જન્મ ૧૯૩૭માં તામિલનાડુના શિવગંગાઈ જિલ્લામાં થયો હતો. તેમણે મદ્રાસ યુનિવર્સિટીમાંથી શિક્ષણ પૂર્ણ કર્યુ હતું. ૧૯૬૮માં પીએચડી પૂર્ણ કર્યા બાદ તેઓ ભારતિય કૃષિ સંશોધન સંસ્થા (IARI)માં જોડાયા હતા. તેમણે પુષા સહિત બાસમતી ચોખાની ઘણી નવી જાતોની શોધ કરી હતી. બાસમતી ૧, પુષા૨-૨૧, પુષા ૩૩ અને પુષા ૮૩૪ વધુ પ્રખ્યાત છે.

ડૉ. સિદ્દીકે વિશ્વ બેંકમાં કૃષિ વૈજ્ઞાનિક તરીકે કામ કરતી વખતે ઈજિપ્ત, વિયેતનામ, બાંગ્લાદેશ અને ફિલિપાઈન્સમાં ઘણાં પ્રોજેકટ પૂરા કર્યા.

તેઓ ૨૦૦૪-૨૦૦૯માં ભારત સરકારના કૃષિ સલાહકાર હતા. ૨૦૧૧માં તેમને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં



Since 1945
જૂના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
ખત્રી યાકુબ ઈશાક ચશ્માવાલા
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

આવ્યા હતા. આ ઉપરાંત તેમને ઘણાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેઓ હજુ પણ ફિલિપાઇન્સ સરકારના સલાહકાર છે.

**ડૉ. કુદસિયા તહસીનઃ** યુ.પી.ના આઝમગઢ જિલ્લામાં ૧૫ ડિસેમ્બર ૧૯૬૪ના રોજ જન્મેલા ડૉ. કુદસિયા તહસીન જાણીતા નેમેટોલોજી સાયન્ટિસ્ટ છે.

ડૉ. કુદસિયા તહસીનનું પ્રારંભિક શિક્ષણ આઝમગઢમાં થયું હતું, ત્યારબાદ તેઓ ઉચ્ચ શિક્ષણ માટે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી ગયા અને પ્રાણીશાસ્ત્ર વિભાગમાં પ્રવેશ લીધો અને ૧૯૮૯માં પીએચડી પૂર્ણ કર્યુ.

ડૉ. કુદસિયા તહસીન હાલમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના પ્રાણીશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર છે અને તેઓ દેશની ઘણી વિજ્ઞાન અકાદમીઓ સાથે જોડાણ ધરાવે છે.

નેમેટોલોજી ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર યોગદાનને ધ્યાનમાં રાખીને ONTA (ઓર્ગેનાઇઝેશન ઓફ નેમેટોલોજિસ્ટ્સ ઓફ ટ્રોપિકલ અમેરિકા) એ તેમને એવોર્ડથી સન્માનિત કર્યા છે. આ પુરસ્કાર મેળવનાર એશિયાના પ્રથમ વૈજ્ઞાનિક છે.

વર્ગીકરણ અને જૈવવિવિધતાના ક્ષેત્રમાં તેમની પાસે ઘણાં પુસ્તકો અને સંશોધન પત્રો છે. વિશ્વની ઘણી વૈજ્ઞાનિક સંસ્થાઓએ તેમને સભ્યપદ આપ્યું છે.

**આફરીન આલમઃ** ભારતિય માતા-પિતાનું સંતાન અને કેનેડામાં જન્મેલી અને અમેરિકામાં ભણેલી આફરીન આલમ તબીબી ક્ષેત્રે તેના સંશોધન કાર્ય માટે જાણીતી છે. ખાસ કરીને કાર્બન ડોટ્સના ક્ષેત્રમાં તેના સંશોધનની ખૂબ પ્રસંશા કરવામાં આવી હતી.

૨૦૧૪-૧૫માં, તેમણે સિનોન થેરાપ્યુટિક નામની પોતાની કંપનીની સ્થાપના કરી, જેના તેઓ સી.ઇ.ઓ. છે. ઘણાં પુરસ્કારોથી સન્માનિત આફરીન આલમ હિજાબ પહેરેલી મહિલા છે.

અનુસંધાન પાના નં. ૧નું ચાલુ....

જ બધા રાગ રાગીનીઓ છે પરંતુ એક સંગીતકાર છૂટા છવાયા કામ મેળવતો હોય અથવા નાના મોટા સ્ટેજ શો કરીને કમાતો હોય તેના કરતા અનેક ગણા વધુ એ. આર. રહેમાન માત્ર એક ફિલ્મમાં સંગીત આપવાના લેતો હોય અને છતાં તેણે ના પાડવી પડે એટલા નિર્માતાઓ લાઇનમાં ઊભા હોય. એક જ કોલેજ અથવા યુનિવર્સિટીમાં બિઝનેસ એડમીનિસ્ટ્રેશન ભણેલા બે માંથી એક કોઇ કંપનીમાં મેનેજર બની ગયો હોય ને ત્યાં જ પડયો હોય અને બીજો સમયાંતરે નવી નવી અને વધુ ઉચ્ચ હોદ્દાની નોકરીઓ મેળવતા મેળવતા અનેકગણા સારા પગાર અને હોદ્દા સુધી પહોંચી ગયો હોય.

સઘળો ખેલ આપણી કિંમતનો છે અને કિંમત આપણે જ નકકી કરી શકીએ છીએ. ત્યારબાદ આપણું મૂલ્ય દુનિયા કરે છે. જેમ જેમ આપણે આપણી પોતાની કિંમત વધારશું તેમ તેમ આપણું મૂલ્ય વધતું જશે. આપણે આપણી કિંમત જ ઓછી કરીશું અને પછી મળવાપાત્ર હોય તેના કરતા વધુ મૂલ્યની અપેક્ષા રાખીશું તો આપણા ભાગે નિરાશા જ આવવાની. કિંમત નકકી થાય છે અસામાન્ય બનવામાં. શિક્ષા પ્રાપ્ત કરવામાં, પોતાને કાબેલ બનાવવામાં, કોઇપણ પરિસ્થિતિનો સામનો કરવાના આત્મવિશ્વાસમાં, હાર માન્યા વગર પોતાને સતત દોડતા રાખવામાં, અભિમાન, અહ્મ અને નિરાશાથી પોતાને હંમેશા દૂર રાખવામાં, ઉદાહરણ વાંચવા કરતાં આપણે પોતે જ બીજા માટે ઉદાહરણ બનીએ.

પરવરદિગાર આપણા યુવાધનને પોતાની કિંમત વધારવાની સમજ તથા શક્તિ આપે અને મૂલ્ય વધ્યા બાદ આત્મસંયમ અને સતત આત્મમંથન કરતાં રહેવાની અને બીજા માટે દાખલારૂપ બનવાની હિદાયત આપે, આમીન.

## ખત્રી બિરાદરો જરા ધ્યાન આપો...

કોઇપણ સમાજને શિક્ષિત, ચેતનવંતો, કુરિવાજવિહીન બનાવવા માટે જો કોઇ મુખ્ય સ્ત્રોત પૈકી હોય તો તે સમાજનું મુખપત્ર છે. જેના થકી સમાજમાં પ્રવર્તી રહેલા પ્રવાહોને વાચા આપવામાં આવે છે, પોતાના વિચારોને સમગ્ર સમાજ સામે રજૂ કરી શકાય છે, સમાજના દૂષણો પ્રત્યે ધ્યાન દોરવામાં આવે છે, તેને ડામવાના વિચારો રજૂ કરવામાં આવે છે.

આપ સર્વેને વિનંતી કરવામાં આવે છે કે આપે આપનું લવાજમ તાત્કાલિક કાર્યાલયે મોકલી આપવું અને સમાજમાં દરેકે દરેક ઘર નિયમિત લવાજમ પહોંચાડે તેવા પ્રયત્નો કરવા. આપની લવાજમની નાની એવી રકમ સમાજ સેવામાં મોટું યોગદાન આપી શકે. આપનું બાકી રહેતું લવાજમ તાત્કાલિક મોકલો તથા અન્ય સભ્યોના લવાજમ પણ મોકલાવડાવો.

Dr. A. G. DHADA
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

Dhada Hospital
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472
City General Hospital
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296
SHAMIYANA DYEING
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

RNI Regd. No. GUJGUJ/2017/76920 | Times of Khatri February-2024 | Postal Regd. No. Rajkot/707/2024-2026

If undelivered please return to:

HALAI MUSLIM KHATRI TRUST · A Team with Many Hands Devoted for Education

ટાઇમ્સ ઓફ ખત્રી
Times of Khatri

Halai Muslim Khatri Trust
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547

To,

Posting Dt. 7th of every month at Rajkot RMS

# સમાચાર દર્પણ

## જશ્ને શાદી

વેરાવળના રહીશ જનાબ હાજી અબ્દુલ્લાહ નુરમોહંમદ ભૂચેરા (પ્રમુખ, વેરાવળ હાલાઇ મુસ્લિમ ખત્રી જમાત)ની પૌત્રી **અમરીન** ની નિકાહ પોરબંદરના રહીશ જનાબ જાવીદ હાજી હાસમ દગીયાના નેક ફરઝંદ **મો.રિયાઝ** સાથે તા. ૦૯-૦૧-૨૦૨૪ના રોજ વેરાવળ મુકામે થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હન પક્ષ રૂા. ૨૦૦ વેરાવળ જમાતને તથા દુલ્હા પક્ષ તરફથી રૂા. ૫૦૦ હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશનને, રૂા. ૫૦૦ ઓલ મુસ્લિમ ખત્રી અંજુમનને, રૂા. ૫૦૦ હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને, રૂા. ૫૦૦ ઈકો ફાઉન્ડેશનને, રૂા. ૫૦૦ વેરાવળ જમાતને બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## તશ્રીફે જહાં

કાલાવડના રહીશ જનાબ સાજીદ સિદ્દીકભાઇ વલોરાને ત્યાં તા. ૦૭-૧૧-૨૦૨૩ના રોજ પુત્રી નામે **આયાત** નો જન્મ થયેલ છે. આ ખુશીના પ્રસંગે વાલીદ તેમજ વાલીદા તરફથી રૂા. ૫૦૦ ટાઇમ્સ ઓફ ખત્રીને બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## સગાઈ ફોક

રાજકોટના રહીશ જનાબ ઇકબાલ નુરમોહંમદ વિજળીવાઢા (ઇન્દોરવાળા)ની નેક દુખ્તર **અસ્માબાનુ** ની સગાઇ પ્રભાસપાટણના રહીશ જનાબ હાજી ઇસ્માઇલ ઇશાક ધડાના નેક ફરઝંદ **મોહંમદ રિયાઝ** સાથે તા. ૨૮-૦૮-૨૦૨૨ના રોજ રાજકોટ જમાત રૂબરૂ થયેલ છે, તે હવે બન્ને પક્ષોની સહમતીથી સગાઇ ફોક કરેલ છે. બન્નેમાંથી કોઇનો રીસ્તો થાય તેમાં બન્ને પક્ષમાંથી કોઇને વાંધો નથી.

## જામનગર ખત્રી જમાતના નવા સુકાનીઓની વરણી

તા. ૨૩-૦૧-૨૦૨૪ના રોજ રાત્રે ૯-૩૦ કલાકે જામનગર ખત્રી જમાતની જનરલ મિટીંગ યોજાઇ હતી. તેમાં જમાતના નવા હોદ્દેદારોની ચૂંટણી કરવામાં આવેલ. હાજર જમાતના બિરાદરો દ્વારા સર્વાનુમતે નીચે પ્રમાણે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ.

પ્રમુખ : મહંમદ અકીલ અબ્દુલકાદર લીયા
ઉપપ્રમુખ : શકીલ યુસુફ કારાતેલા
સેક્રેટરી : શકીલ અબ્દુલલતીફ કારાતેલા
જોઇન્ટ સેક્રેટરી : અલ્તાફ અબ્દુલરહીમ માંધુ
ખજાનચી : મજીદ મોહંમદ માંધુ

સભ્ય : આમિર અ.હફીઝ કારાતેલા
સભ્ય : અનવર હાસમ ટાટારિયા
સભ્ય : સલીમ મો.હુસેન ઘુમરા
સભ્ય : મુસ્તાક અબ્દુલ્લા ઘુમરા
સભ્ય : મહંમદહુસેન જુસબ ઘુમરા
સભ્ય : ઇબ્રાહિમ અ.અઝીઝ ખુડખુડીયા

નવી જમાતખાના પ્રોજેક્ટ સમિતિ
(૧) અનવર હાસમ ટાટારીયા
(૨) સલીમ મો.હુસેન ઘુમરા
(૩) શકીલ અબ્દુલલતીફ કારાતેલા
(૪) શકીલ યુસુફ કારાતેલા

અનુસંધાન પાના નં. ૩નું ચાલુ....

તરફ કરવામાં આવે છે. અગાઉ જણાવ્યા મુજબ જેવું દરૂદ શરીફ પઢી લીધું કે તે કબૂલિયતના દરજજે પહોંચી ગયું, સુબ્હાનલ્લાહ!!!

દરૂદ શરીફ પઢવું પોતાની જાત માટે દુઆ કરવા સમાન છે. દરૂદ શરીફ પઢનારનો જે પણ કોઇ નેક મકસદ હોય તે પૂરો કરવા તે કામીયાબીની રાહ બની જાય છે.

દરૂદ શરીફ પઢવું તમામ આ'માલોથી શ્રેષ્ઠ આ'માલ છે. તેની કબૂલિયત ૧૦૦% છે. સઘળી દુઆઓમાં તે શ્રેષ્ઠતમ દુઆ પણ છે.

દરૂદ શરીફના અસંખ્ય ફાયદા જણાવી દીધા પણ તે અધૂરા છે. આનાથી વધુ પ્રમાણમાં લખી શકાય, અગણિત ફાયદા છે. હવે આપ ઉપર નિર્ભર છે કે આપ કેટલા પ્રમાણમાં તે પઢો છે, અમલ કરો છો. શરૂઆત ૧૦૧ થી કરી ૩૧૩ કે ૫૦૧ કે હજાર સુધી પણ પહોંચવાનો પ્રયત્ન કરો અને તમારી જીંદગીમાં થતી તબદીલીઓ, પ્રગતિઓ જુઓ. ઇન્શાઅલ્લાહ, દીન અને દુનિયા બન્ને સુધરી જશે. અલ્લાહ તઆલા નમાઝની સાથોસાથ દરૂદ શરીફ પઢવાની આપણને સૌને નેક હિદાયત આપે, આમીન.

''અલ્લાહુમ્મા અસ્લીહ ઉમ્મત મુહમ્મદિન, અલ્લાહુમ્મા ફરિર્જ, અન ઉમ્મતી મુહમ્મદિન અલ્લાહુમ્મર્રહમ્ ઉમ્મત મુહમ્મદિન'' (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ). આ દરૂદ શરીફ પઢવાથી અબદાલના દરજ્જાની બરાબરનો સવાબ મળશે, ઇન્શાઅલ્લાહ.

- 'દરૂદો સલામ આકા કે નામ' મેરી આનેવાલી કિતાબ સે..''નૂરી''

Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.